આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૬/૧૦/૨૦૨૬ થી તા.૦૧/૧૧/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- સપ્તાહ દરમિયાન તમારી ચોકસાઈપૂર્ણ કામ કરવાની આદત હરીફાઈમાં આગળ રાખશે તેમજ નવા ક્રિએટીવ અને આધુનિક વિચારો પણ કામ લાગશે અને ભાગીદારી-સામાજિક અને કૌટુંબિક કામમાં સફળતા મળે. માર્કેટીંગ અને બૌદ્ધિક કામમાં પ્રગતિ થાય તેમજ નવી તક મળે. સંતાનો માટે ભવિષ્યની યોજના બને. દૂર રહેતાં કોઈ સંબંધીનો સંપર્ક થાય. અચાનક સફળતા મળે. સંબંધો મજબૂત બને.

વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહ દરમિયાન ભૂતકાળની ઘટનાથી પરેશાની થઈ શકે છે. માટે હિતશત્રુ-ગુપ્ત શત્રુ-વગેરેથી સાવધાન રહેવું તથા પોલીસ લફરાથી બચવું. કોઈ પણ બાબતોમાં લાગણીઓ પર કાબૂ રાખવો. તમારા હકારાત્મક વિચારો યોગ્ય નિર્ણય લેવામાં અને યોગ્ય દિશા તરફ જવામાં મદદરૂપ બનશે. આત્મવિશ્વાસ મન અને તનને સંતુલિત રાખશે. નોકરી-ધંધામાં નવી તક મળશે.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ દરમિયાન નવા ક્રિએટીવ અને ઉપયોગી વિચારોને સમજદારીપૂર્વક લાગુ કરવાથી સારાં પરિણામ મળી શકે છે. ઘર તથા પરિવાર અને કાર્યસ્થળ પર નેતૃત્વ દરમિયાન હકારાત્મક નિર્ણયો અને કાર્ય પાર કરનાર બની રહેશે. પ્રેમ પ્રકરણોમાં વિશ્વાસ અને સમજદારી વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. સામાજિક જવાબદારી વધશે. કોઈ ભ્રમમાં રહેવું નહીં અને વાદવિવાદથી બચવું.

કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં વેપાર ધંધામાં આર્થિક પ્રગતિ થાય અને ભૂતકાળમાં કરેલાં કામ અને રોકાણનો લાભ મળે. મિત્રો સાથે ગેરસમજથી બચવું. ધંધામાં નવા સોદા પાર પડે. નોકરીમાં નવી તક મળે. મોજશોખ અને કોસ્મેટીકને લગતા વેપારમાં લાભ થાય. પ્રવાસ દરમિયાન કોઈ પાત્ર તરફ આકર્ષણ થાય. પ્રેમમાં વિવાહની વાત થાય. શેર બજારમાં નવાં રોકાણ થાય. સમાજજીવનમાં યશ મળે.

સિંહ (મ,ટ):- સપ્તાહ દરમિયાન લાંબી મુસાફરી થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે તથા પ્રેમમાં વિશ્વાસ વધશે. નવા મિત્રો સાથે આગળ વધતાં સાવધાન રહેવું. કાયદાકીય બાબતોમાં પ્રગતિ થાય. કોઈ પણ કામમાં નવી તક મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. નોકરીમાં પ્રગતિ થાય. ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. પ્રેમ પ્રકરણમાં કોઈની વાતમાં આવવું નહીં. નવી તક મળશે.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં કોઈ ગંભીર વાતમાં આગળ વધતાં કે નિર્ણય લેતાં વડીલો વગેરેની સલાહ લેવી. મુશ્કેલ કામને અટકાવવું નહીં પણ સમજદારી અને ધીરજથી આગળ વધારવાથી અચાનક સફળતા મળશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવીને રોકાણ કરવું નહીં. વિદેશ યાત્રાનાં કામ થાય અને પ્રવાસ દરમિયાન સારા અનુભવ થાય. ઉચ્ચ શિક્ષણ અને નોકરી વેપારમાં નવી તક મળે.

તુલા (ર,ત):- સપ્તાહ પરિવારમાં વડીલોની સમસ્યા અને આરોગ્યને લગતા કામમાં ધીરે-ધીરે અનુકૂળતા થાય. આપસમાં પ્રેમ વધે તથા પ્રેમસંબંધો મજબૂત બને. વિવાહની વાત આગળ વધશે. નોકરી-ધંધામાં સ્થિરતાનો અનુભવ થાય. કાયદા કાનૂન, વિલ-વારસા તથા વીમા વગેરેના કામમાં પ્રગતિ થાય અને યોગ્ય મદદ મળે. નવા ફેરફારથી પ્રમોશન થાય. વિદેશમાં વિદ્યાભ્યાસમાં મદદ મળે. અચાનક શુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ દરમિયાન બેંક અને લોનને લગતાં કામ થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. પણ વ્યવહારમાં સભાનતા રાખવી. હરીફો, નોકર, ચાકર, ચોર- લૂંટારુથી સાવધાન રહેવું અને ખર્ચા પર કાબૂ રાખવો. પ્રેમવિવાહની યોજનામાં મદદ મળે. સમાજમાં યશ મળે તથા રોજની આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. અન્યને સલાહ આપવાનું ટાળવું તથા પ્રવાસમાં સાવધાન રહેવું.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં પ્રેમમાં અપનાપણ અને આત્મીયતા વધે. વિદ્યાર્થીઓને નવું શીખવાની ઈચ્છાથી ટેકનોલોજીનું જ્ઞાન મળે. નવા આર્થિક રોકાણ થાય. સંતાનોની ચિંતા હળવી થાય. નોકરી ધંધા તેમજ જાહેર સ્થળ વગેરેમાં વાતચીત કે બોલવામાં સાવધાની રાખવી. કોઈ પણ કામમાં વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહેવું નહીં. કોર્ટ-કચેરીમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે.

મકર (ખ,જ):- સપ્તાહ દરમિયાન સંપત્તિ વગેરે લેવા-વેચવા માટે નવી તકો ઊભી થશે. માટે, મકાન, જમીન, વારસા, વગેરેનાં કામ હાથ પર લેવાં. કુટુંબ-પરિવાર બાબતે સંતુલન અને ધીરજ રાખીને નિર્ણય લેવા. નોકરી-ધંધા વગેરેમાં લાગણીઓથી દૂર રહેવું. ખાસ કરીને પ્રેમ બાબતે વિદ્યાર્થીઓને નવી તક મળે. મોજશોખના વેપારમાં આવક વધે. નોકરીમાં પ્રમોશન થાય. દાંપત્યમાં અશાંતિ.

કુંભ (ગ,સ,શ,ષ):- ચાલુ વીકમાં તમારી સ્પષ્ટતા અને આગળની સોચના કારણે કાર્યસ્થળ પર પ્રભાવ વધે અને ઉપરી વર્ગ નવી જવાબદારી સોંપી શકે છે. અચાનક અણધારી સફળતાથી ઉત્સાહ વધશે. મિત્રો ભાઈ બહેનોને મદદરૂપ બનશો. પોતાના પરિવારને મદદરૂપ થવાનો મોકો મળશે. નવા ઘર, વાહનની યોજના પાર પડે. મિલકતને લગતાં કામ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. અભ્યાસમાં નવું શીખવા મળે.

મીન (દ,ચ,ઝ,થ):- પરિવાર સાથે મનોરંજન યાત્રાનું આયોજન વીકમાં થાય. ઉઘરાણી આવી શકે છે. વાણી કે બૌદ્ધિક શક્તિથી કાર્ય પાર પડશે. માર્કેટીંગ, શિક્ષણ, દલાલી, ટેકનોલોજી અને પ્રવાસને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, જમીન વગેરેની યોજના પાર પડશે. ઘરમાં નવા ફેરફાર થાય. નોકરીમાં નવી જવાબદારી મળે. ધંધામાં આવક વધે. પ્રેમમાં ગેરસમજથી અશાંતિ વધે.

Regime Change ને હવા આપતા ગ્રહ યોગ

સત્તા પરિવર્તન માટે શનિ-રાહુ-મંગળ-કેતુમાંથી કોઈ પણ જે તે દેશની કુંડલીમાં મારકેશ બનતો હોય તો તે દેશની મુસીબત વધારી દે છે

આખું બ્રહ્માંડ ગ્રહ-નક્ષત્રની ચાલના પ્રભાવમાં ગતિશીલ છે. ગ્રહ-નક્ષત્રની ચાલ- બ્રહ્માંડના વાતાવરણને બદલે છે ત્યારે તેની અસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોવા મળતી હોય છે. આજકાલ દેશ અને દુનિયામાં જે આક્રોશ, અજંપો અને અશાંતિમય વાતાવરણ જોવા મળે છે, તે ગ્રહો નક્ષત્રની પ્રત્યક્ષ અસરનું પરિણામ છે. દેશ અને દુનિયાના રાજકારણમાં જે ન કળી શકાય તેવા છૂપા ફેરફાર અને કૂટનીતિ તેમજ દેશ અને દુનિયાના પ્રભાવશાળી નેતાઓની છૂપી ચાલ વગેરે ગ્રહ-નક્ષત્રની પરોક્ષ અસરમાં ભયંકર હિલચાલ કરી રહી છે.

તેના પરિણામ સ્વરૂપ Regime Changeની ચિંતા સતાવે છે અને સત્તા પરિવર્તનની હવા જોવા મળે છે. જન આંદોલન કે આંતરિક સંઘર્ષ દિવસે દિવસે દેશ અને દુનિયામાં વિકરાળ બનતું જાય છે. સામાન્ય રીતે જ્યોતિષની ભાષામાં આવું ત્યારે બનતું હોય છે, કે જ્યારે ભ્રમણ કરતા ગ્રહોની ચાલ બદલાય, પાપ અને શુભ ગ્રહો વચ્ચે અશુભ યોગ પેદા થાય. એક રાશિમાં લાંબા સમય સુધી રહેનાર ગ્રહનું રાશિ પરિવર્તન વક્રી થવું તથા અતિચારી થવું વગેરે લોકોના માનસ પર અસર કરે છે. શુભ ગ્રહમાં શુક્ર પોતાની નીચ રાશિ કન્યામાંથી પોતાની સ્વરાશિ જે ન્યાયના પ્રતીક સમાન છે તેમાં ભ્રમણ કરે છે ત્યારે વૈશ્વિક સ્તર પર કૂટનીતિ અને Regine Change યાની સત્તા બદલવાની વાતને હવા મળે છે કારણકે શુક્રની તુલા રાશિમાં ન્યાયિક શક્તિ જીવંત બને છે. ભૌતિક સુખ, શાંતિ અને સાંસારિક સુખને અગવડભર્યું બનાવનાર શુક્ર પ્રજાની અસુવિધાને સહન કરી શકતા નથી અને જો સરકાર તે માટે જવાબદાર બનતી હોય તો તુલાના શુક્ર દરમિયાન સત્તા પરિવર્તનની હવા તેજ બને છે. આ વખતે શુક્ર-વક્રી માર્ગી વગેરે રીતે લગભગ 82 દિવસ તુલા રાશિમાં એટલે કે 22-11-26 સુધી ભ્રમણ કરનાર છે અને તે મંગળ-રાહુની દૃષ્ટિમાં હોવાથી સરકાર અને પ્રજા વચ્ચે અશાંતિ, ગેરસમજ અને વિનાશક પ્રવૃત્તિ જેવી આગજની તોફાન ષડયંત્રો વગેરેને ઉગ્ર બનાવે છે. રાહુ-કેતુ મંગળ અચાનક બદલાવને અસર કરે તેવું અપ્રત્યક્ષ વાતાવરણ પેદા કરીને નેતાઓ કે જે સત્તાપક્ષમાં હોય તેમની વચ્ચે મતભેદ વધારીને પરિવર્તનનું વાતાવરણ પેદા કરે છે. સત્તા પરિવર્તન માટે શનિ-રાહુ-મંગળ-કેતુમાંથી કોઈ પણ જે તે દેશની કુંડલીમાં મારકેશ બનતો હોય તો તે દેશની મુસીબત વધારી દે છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં મંગળ મારકેશ થઈને મારક સ્થાનમાં છે અને જુલાઈ 2025 થી જુલાઈ 2032 સુધીની મહાદશા

ખાસ કરીને ભારત માટે બદલવાની હવાને રોકવી મુશ્કેલ છે. કારણ મારકેશ મંગળની મહાદશા, ગુરુની અતિચારી ચાલ અને આવનાર ડિસે. 2026માં રાહુ-કેતુનું રાશિ પરિવર્તન અને જૂન-2027માં મેષ રાશિમાં પ્રવેશતા શનિ વગેરેનો નિર્દેશ પરિવર્તનનું સૂચન કરે છે

પણ મંગળની જ ચાલે છે માટે જ આપણા દેશમાં અચાનક GEN-Zનું કોઈએ કલ્પના ન કર્યું હોય તેવું ઉગ્ર અને અશાંતિજનક આંદોલન પેદા થયું.

તા. 31-10-2026 થી આજકાલ આખી દુનિયામાં જે ભયાનક અને માનવજાતની સુખ-શાંતિને હણનાર વાતાવરણને હવા આપનાર ગ્રહ અતિચારી ગુરુ જે રાશિ બદલીને સિંહ રાશિમાં કેતુ સાથે મઘા નક્ષત્રના પ્રથમ ચરણમાં અંશાત્મક યુતિ કરે છે. આ અગ્નિતત્ત્વની ગંડાત રાશિ અને નક્ષત્રમાં ગુરુનું ભ્રમણ જનસામાન્ય માટે પ્રતિકૂળ છે અને સરકાર માટે પડકારરૂપ! કારણકે જનસમુદાયને માંગલિક કાર્યમાં રોકી રાખીને દેશના વાતાવરણ કે રાજકારણથી વિમુખ કરવાની શક્તિ ગુરુમાં સિંહ રાશિ દરમિયાન હોતી નથી માટે પ્રજા દેશમાં ચાલતા રાજનીતિક વાતાવરણમાં જોડાઈને સરકારની મુસીબત વધારે છે. ગુરુ પાર્ટી-વક્રી અવસ્થામાં 25-10-2027 સુધી સિંહ રાશિમાં રહેશે. ગુરુ-કેતુની યુતિ અધ્યાત્મ, વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ અને નૈતિકતાને બળ આપનાર માનવામાં આવે છે. માટે દેશમાં ધર્મસ્થાન અને રાજકારણમાં ધર્મને લઈને લોકો વિમુખ થશે. કારણકે આ બંને ગ્રહો સાચી ધાર્મિકતા અને અધ્યાત્મ સાથે સંબંધ ધરાવે છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ યુતિ ચોથા ભાવમાં થાય છે. માટે જનતા ધર્મની સાથે ભૌતિકતા અને સાંસારિક સુખ શાંતિની કામના કરશે. જે સરકાર અને જનતા વચ્ચે ભ્રમ કે અલગાવ પેદા કરીને ચાલતા આક્રોશને બળ આપશે. આ યુતિ ધાર્મિક બાબતોને વાસ્તવિક રીતે સમજવાની શક્તિ આપનાર બને છે. માટે લોકો ધર્મ-જાતિ-ઉચ્ચ-નીચ વગેરે વાડામાં પુરાઈને રહેવાને બદલે દેશના શાંતિમય વાતાવરણ તરફ જવાની ઈચ્છાના કારણે પરિવર્તન બળ આપશે. ચોથા ભાવમાં થતી આ યુતિ વડીલો અને યુવાનો વચ્ચે તાલમેળ રહેવા નહીં દે માટે GEN-Z ના આંદોલનમાં વડીલ એટલે કે સરકાર અને આંદોલનમાં વિદ્યાર્થી પક્ષ વચ્ચે તાલમેળ રહેશે નહીં. ગુરુ-શુક્ર બંને શુભ ગ્રહો છે. જે સુખાકારી, શાંતિ, વિદ્યા, જ્ઞાન, સમૃદ્ધિ, વિકાસ અને આધુનિક જીવનશૈલીને સંયમમાં રાખીને પ્રજાની સુલેહભરી વિચારસરણીને પ્રબળ કરે છે પણ આ બંને ગ્રહો પાપ ગ્રહોથી દૂષિત છે માટે સરકારો જે દેશની હોય કે દુનિયાભરની જેમના માટે સ્થિરતા બનાવી રાખવી મુશ્કેલ છે. ખાસ કરીને ભારત માટે બદલવાની હવાને રોકવી મુશ્કેલ છે. કારણ મારકેશ મંગળની મહાદશા, ગુરુની અતિચારી ચાલ અને આવનાર ડિસે. 2026માં રાહુ-કેતુનું રાશિ પરિવર્તન અને જૂન-2027માં મેષ રાશિમાં પ્રવેશતા શનિ વગેરેનો નિર્દેશ પરિવર્તનનું સૂચન કરે છે. જે Regime Change ની કે અન્ય કોઈ રીતે? વર્તમાન વાતાવરણ શાંત થવું મુશ્કેલ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

'મોદી કા બાપ ભી...

માંગ કરી હતી. ચૌધરીએ X પર એક વીડિયો સંદેશમાં કહ્યું, 'નરેન્દ્ર મોદીના પિતા સામે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આપવામાં આવેલું નિવેદન અત્યંત કમનસીબ છે. તે દર્શાવે છે કે કોંગ્રેસ વડાપ્રધાનના પરિવાર પ્રત્યે દુર્ભાવના ધરાવે છે.' ખડગેના આ કૃત્યને 'ગુનો' ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના પિતા સામે વપરાયેલી 'અપમાનજનક' ભાષા માટે કોંગ્રેસ પ્રમુખ અને પાર્ટી નેતા રાહુલ ગાંધીએ માફી માંગવી જોઈએ. બિહારના અન્ય એનડીએ નેતાઓએ પણ ખડગેની ટિપ્પણીને 'કમનસીબ' અને 'કોંગ્રેસની હતાશા તથા રાજકીય શિષ્ટાચારના અભાવને દર્શાવનારી' ગણાવી હતી.

કોંગ્રેસનું વૈચારિક...

'X' પર કહ્યું, 'આજે પટનામાં દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પ્રત્યે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા જે પ્રકારની અભદ્ર અને અસંસદીય ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે કોંગ્રેસ પાર્ટીની વૈચારિક નાદારી દર્શાવે છે.' નબીને કહ્યું કે રાજકીય વિરોધમાં પણ કંઈક મર્યાદા હોવી જોઈએ. ભાજપે તેના 'X' હેન્ડલ પર કહ્યું, 'જે ભાષા એક સમયે લુખ્ખા અને ગુંડાઓ સાથે જોડવામાં આવતી હતી, તે ભાષાનો ઉપયોગ હવે સ્વયં કોંગ્રેસ પ્રમુખ કરી રહ્યા છે. આ હવે કોઈ રાજકીય પક્ષ નથી રહ્યો – તે એક માફિયા ગેંગ જેવો વધુ લાગે છે.' ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ખડગેએ આજે પટનામાં 'મોદીજીના પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરીને શિષ્ટાચારના તમામ ધોરણોના ધજાગરા ઉડાવ્યા છે.' એક વિડિઓ સ્ટેટમેન્ટમાં, JD(U) ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે જણાવ્યું હતું કે તેમની પાર્ટી ખડગેની ટિપ્પણીઓની સખત શબ્દોમાં નિંદા કરે છે. 'કોંગ્રેસ પાર્ટીના આચરણ, ચરિત્ર કે અભિગમમાં કોઈ મોટા ફેરફારની આશા ખૂબ ઓછી છે,' પ્રસાદે ઉમેર્યું. કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાને કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને ખેદજનક ગણાવી હતી અને કહ્યું હતું કે રાજકીય વિરોધ વ્યક્તિગત ટિપ્પણી કરવાને બદલે તથ્યો અને દલીલો પર આધારિત હોવો જોઈએ.

મોદીના 'વૈચારિક પિતા'...

વિભાગના વડા પવન ખેડાએ જણાવ્યું હતું કે, ''ભાજપ રોજ નવા ષડયંત્રો રચતી રહે છે. થોડા દિવસો પહેલા ખડગેજીના ભાષણ પછી શુદ્ધિકરણ જેવું નિકૃષ્ટ કાર્ય કરવામાં આવ્યું હતું. આજે બિહારમાં જ્યારે ખડગેજી ભાષણ આપી રહ્યા હતા, ત્યારે ભાજપના એક કાર્યકર્તાએ ખડગેજીના પિતાનું એવું કહીને અપમાન કર્યું કે 'અગર આપકે બાપ ભી આ જાયેંગે તો મોદી નહીં જાયેગા, ત્યારબાદ ખડગેજીએ મોદીજીના વૈચારિક પિતા, RSS નો ઉલ્લેખ કરતા કહ્યું કે માત્ર મોદીજી જ નહીં પરંતુ RSS પણ જશે.

જેના નિવેદનથી...

સાંભળીને ગેરસમજ કરવામાં આવી હતી, સ્થળ પરથી બહાર કાઢવામાં આવ્યા પછી, તેણે કહ્યું. ખડગે ખરેખર મોદી જેલમાં જશે શબ્દો કહી રહ્યા હતા. જ્યારે સંતોષ કુમારનું અડધું વાક્ય હોલમાં ગાજ્યું તેનાથી ગેરસમજ સર્જાઇ હતી.

યમુનોત્રી-કેદારનાથ...

ઉનિયાલે જણાવ્યું હતું કે, સીઝનની પ્રથમ બરફવર્ષાથી શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉત્સાહિત દેખાતા હતા. ઉનિયાલે કહ્યું, "કેટલાક લોકો માટે આટલી નજીકથી બરફવર્ષા જોવાનો આ પ્રથમ અનુભવ હતો, જેનાથી તેઓ ખૂબ જ આનંદિત થઈ ગયા હતા." ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ રવિવારે ઉત્તરાખંડના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, ચમોલી અને પીથોરાગઢ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ખૂબ જ હળવાથી મધ્યમ વરસાદ અથવા બરફવર્ષાની આગાહી કરી હતી.

નાર્કોટિક્સ બ્યુરો...

500 ડિટોનેટર અને 12 લાખ રૂપિયા રોકડા પણ જપ્ત કર્યા છે, જ્યારે 18 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. નાર્કોટિક્સ કંટ્રોલ પરના વિઝન ડોક્યુમેન્ટ (2026-2029) સાથે સુસંગત, ઓપરેશન ટ્રાઈડન્ટ ઈન્ટેલિજન્સ-આધારિત તપાસ, આંતર-એજન્સી સંકલન અને નાણાકીય કમર તોડીને ડ્રગ નેટવર્કને નાબૂદ કરવાની સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

માજી CJI...

''ફ જસ્ટિસ મને એક અલગ રૂમમાં લઈ ગયા અને સરકારનો અભિપ્રાય જાણવા માટે ફોન કરવો કે કેમ તે અંગે મોટેથી બબડવા લાગ્યા.''પોતાની આ સંસ્મરણિકા વિશે ન્યૂઝ પોર્ટલ 'ધ વાયર' સાથે વાત કરતા ભૂતપૂર્વ ન્યાયાધીશે જણાવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા માટે કોલેજિયમે કારોબારી(સરકાર)ના દબાણનો પ્રતિકાર કરવો જ જોઈએ. તત્કાલીન CJI સરકારને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે આગોતરી મંજૂરી માંગી રહ્યા હતા તેવા પ્રશ્નના જવાબમાં જસ્ટિસ કૌલે કહ્યું, 'મને નથી લાગતું કે તે સરકારને ખુશ કરવાનો સવાલ હતો, પરંતુ જે બન્યું હતું તે એ હતું કે તેમણે મારી સાથે અગાઉ એ નામો અંગે ચર્ચા કરી હતી.' 'અમે પાંચ નામો પર સંમત થયા હતા, અને મને લાગતું હતું કે કોલેજિયમના અન્ય સભ્યો પણ તેનાથી સંતુષ્ટ હશે. પરંતુ કોલેજિયમની બેઠકમાં જતા સમયે આ(છઠ્ઠું) નામ મારી સામે મૂકવામાં આવ્યું હતું. મેં કહ્યું કે આ નામ મને સ્વીકાર્ય નથી અને અન્ય સભ્યોને પણ સ્વીકાર્ય નહીં થાય.' જસ્ટિસ કૌલે કહ્યું, 'અને તે ઈચ્છતા હતા કે હું સહયોગ કરું અને આ નામ સાથે આગળ વધું. મેં કહ્યું કે જો હું એવું કરીશ તો પણ બાકીના સભ્યો માનશે નહીં.

જસ્ટિસ કૌલે...

ઓર ફેવર'ના વિમોચન પહેલાં 'ધ વાયર'ને આપેલા એક ઇન્ટરવ્યુમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ બાદ સામે આવી છે. કૌલે આરોપ લગાવ્યો હતો કે ચંદ્રચૂડ વહીવટી બાબતો અને ન્યાયિક નિમણૂકોમાં જરૂરિયાત કરતાં વધુ સરકાર પ્રત્યે ઝૂકેલા હતા. દ્વિવેદીએ કહ્યું કે ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચોએ એન્ટ્રી ટેક્સ, આધાર પ્રાઇવસી, ખાણ અને ખનિજો, ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, આર્બિટ્રેશન, ઔદ્યોગિક આલ્કોહોલ સંબંધિત સંઘીય મુદ્દાઓ, લઘુમતી, અયોધ્યા, કલમ ૩૭૦ અને અન્ય ઘણા મહત્વના કેસો ચલાવ્યા હતા.

નેપાળે ભારતને...

માટે મંજૂરી આપવામાં આવી હતી. શ્રેષ્ઠાએ જણાવ્યું હતું કે, ભારતના સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી(CEA) એ બાંગ્લાદેશને સપ્લાય કરવા માટે અન્ય હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ દ્વારા ઉત્પાદિત વીજળીને મંજૂરી આપ્યા બાદ બાંગ્લાદેશમાં વીજ નિકાસ ફરી શરૂ કરવામાં આવી છે.

ઇરાન પર હુમલો...

મસૂદ પેઝેશકિયાને વોશિંગ્ટન પર યુદ્ધનો અંત લાવવા માટેની વાટાઘાટોમાં ખલેલ પહોંચાડવાનો આક્ષેપ કર્યો હતો, પરંતુ તેમણે કહ્યું કે તેઓ હજી પણ માને છે કે 'આપણે આગળ વધીને આ પ્રક્રિયા પૂરી કરવી પડશે.' સરકારી ટેલિવિઝન પર પ્રસારિત ટિપ્પણીમાં તેમણે જણાવ્યું હતું કે, ઇરાનના સર્વોચ્ચ નેતાએ ઇરાની અધિકારીઓને 'આગળ વધીને કરાર પૂર્ણ કરવા' સૂચના આપી હતી, પરંતુ 'આ બદમાશોએ રમતના નિયમો તોડ્યા. અમે વાટાઘાટો કરી રહ્યા હતા અને તેમણે તેમાં ખલેલ પહોંચાડી.'

અર્થતંત્રો પર...

સુવિધાઓથી ઓડિશા અને દેશના લોકોને ખૂબ મોટો ફાયદો થશે. વડાપ્રધાને કહ્યું, ''આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ યુદ્ધો માત્ર હથિયારોથી નથી લડાતા. જો કોઈ દેશને નબળો પાડવો હોય તો તેના અર્થતંત્ર પર હુમલો કરીને પણ કરી શકાય છે. ભારત જેમ જેમ આર્થિક રીતે મજબૂત બની રહ્યું છે, તેમ તેમ આપણી બેંકિંગ સિસ્ટમને સાયબર લૂંટારા અને સાયબર આતંકવાદીઓથી બચાવવી પણ એટલી જ જરૂરી છે.'' તેમણે કહ્યું કે સાયબર જોખમોનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે અને દેશ જૂની પ્રણાલીઓ, તાલીમ પદ્ધતિઓ અને સાધનો વડે આવા નવા પડકારોનો સામનો કરી શકે નહીં.

આંધ્રપ્રદેશના કાંઠે...

બંગાળની ખાડીમાં હવામાન સિસ્ટમ સતત વિકસી રહી છે. જૈને એક એક સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું કે, પૂર્વ-મધ્ય અને તેને અડીને આવેલી દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પરનું ડિપ્રેશન આગામી દિવસોમાં વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. લોકોએ ખૂબ જ સતર્ક રહેવું જોઈએ. મેનેજિંગ ડિરેક્ટરના જણાવ્યા અનુસાર, ડિપ્રેશન ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પૂર્વ તરફ વધી રહ્યું હતું અને રવિવારે સવારે ૫.૩૦ વાગ્યે પૂર્વ-મધ્ય અને અડીને આવેલી દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર કેન્દ્રિત હતું. તેવી જ રીતે, હવામાન વિભાગે જણાવ્યું હતું કે ડિપ્રેશન રવિવારે લગભગ દક્ષિણ તરફ આગળ વધે અને ધીમે ધીમે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ વળતા પહેલા મજબૂત બનીને ડિપ ડિપ્રેશનમાં ફેરવાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૮ ઓક્ટોબરના બપોર પહેલા બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આંધ્રપ્રદેશ અને યાનમ કિનારેથી વાવાઝોડું પસાર થવાની આગાહી છે, જે દરમિયાન મહત્તમ ૧૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે અને પવનના ઝાપટાં ૧૪૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

કેરળમાં ભારે...

હવામાન વિભાગ(IMD) દ્વારા રવિવારે રાજ્યના ત્રણ જિલ્લાઓમાં દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે ત્યાં શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સાહસિક પ્રવાસન અને ટ્રેકિંગ સ્થળો સહિતના તમામ પ્રવાસન સ્થળોને બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. હવામાન વિભાગે મલપ્પુરમ, કોઝિકોડ અને વાયનાડ જિલ્લામાં રેડ એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત, તેણે ૧૦ જિલ્લાઓમાં– તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, અલાપ્પુઝા, કોટાયમ, એર્નાકુલમ, ઇડુક્કી, ત્રિશૂર, પલક્કડ અને કન્નૂર–દિવસ માટે ઓરેન્જ એલર્ટ અને કાસરગોડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

SIR પ્રક્રિયામાં...

આવી સિસ્ટમ વેરિફિકેશન, સુધારા કે ડિલીશન માટે રેકોર્ડ્સને આપમેળે ફ્લેગ કરે છે કે કેમ અને ત્યારબાદ કઈ પ્રક્રિયા અનુસરવામાં આવે છે; શું કોઈ પણ તબક્કે AI, મશીન લર્નિંગ, પ્રિડિક્ટિવ એનાલિટિક્સ અથવા ઓટોમેટેડ ડિસિઝન સપોર્ટ ટૂલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ; ખોટા ફ્લેગિંગ અને સાચા મતદારોને અન્યાયી રીતે ચિહ્નિત કરવા સામે શું સુરક્ષાત્મક ઉપાયો છે વગેરે બાબતોની વિગતો પ્રશ્નકર્તાએ માગી હતી.

ચૂંટણી પંચના આ જવાબ પછી કોંગ્રેસે રવિવારે વિવાદાસ્પદ 'ECINET' સોફ્ટવેર વિશે માહિતી છુપાવવાનો ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ વારંવાર આ માહિતી આપવાનો ઈનકાર કરી રહ્યું છે કારણ કે તેનાથી "વિનાશક" SIRમાં થયેલી "મોટા પાયાની અને કેન્દ્રીયકૃત ગડબડ"ની સત્યતા સામે આવી જશે.

જાહેર નોટીસ તથા ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર રવિન્દ્ર સાહેબરાવ પાટીલ રહેવાનું: 149, રામી અંબિકા પાર્ક, ડિંડોલી સદરહું જાહેર નોટિસથી જાહેર જનતાને જાહેર હિત માટે હાલની નોટીસ તથા ચેતવણી આપી જાહેર કરીએ છીએ કે,
બાજુના ફોટામાં જણાવેલ પૂનમ રવિન્દ્ર પાટીલ ઉંમર વર્ષ ૨૩, નાઓ અમારી દીકરી ચાલી આવેલ. પરંતુ તેણીએ અમારા તથા પરિવારથી વિરુદ્ધ જઈને પોતાની મરજી અને સ્વચ્છંદી પણા હેઠળ દિવ્યેશ દગડુ સોપારકર નામની વ્યક્તિ સાથે પ્રેમ લગ્ન કરી લીધા છે. જેથી અમારી દીકરી પૂનમ સાથે અમોને તથા પરિવારને હવેથી કોઈ પણ પ્રકારે સંબંધ, નિસબત, લેવાદેવા કે રહેશે નહીં. હવે પછીનું સંપૂર્ણ જીવન તેઓ પોતાની મરજીથી જીવી રહેલ છે. તેઓ અમારા કહ્યામાં ન હોવાથી અમો તેઓની કોઈપણ પ્રકારે જવાબદારી લેતા નથી. ભવિષ્યમાં જો કોઈ વ્યક્તિ તેમની સાથે કોઈપણ પ્રકારનો આર્થિક, સામાજિક કે પારિવારિક વ્યવહાર રાખશે તેના માટે અમો સહી કરનાર કે અમારું પરિવાર કોઈ પણ પ્રકારે જવાબદાર રહીશે નહીં. આ ઉપરાંત અમો અમારી દીકરી નામે પૂનમ રવિન્દ્ર પાટીલને તેઓએ કરેલ કૃત્ય બદલ સમાજ, પરિવાર અને સંપત્તિમાંથી બેદખલ કરીએ છે અને તેના માટે સિવિલ કાનૂની રાહે કાર્યવાહી કરવાના છીએ જેની લાગતા વળગતા એ ગંભીર નોંધ લેવી.
મારી સૂચના અને ફરમાઈશથી.
રવિન્દ્ર સાહેબરાવ પાટીલ
(સહી)

મારી મારફત
એડવોકેટ ભાવેશ કે. કુલકર્ણી
૨૧૭, સંગીની મેગ્નસ, રાંદેર રોડ, સુરત.
મો.: ૯૮૨૫૬૮૦૬૪૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના ગામ મોજેઃ રૂંઢ** ના નવા રે.સર્વે નં. ૯/૧ તથા ૪૯/૧ થી નોંધાયેલી જમીન જેને ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૨૭, ૩૪, ૩૫ તથા ૩૬ આપવામાં આવેલ છે તે જમીન ઉપર આયોજીત **હરીઓમ બંગલોઝ કો.ઓપ.હા.સોસાયટી** નામથી ઓળખાતી યોજનામાં આવેલ **પ્લોટ નં.૧૦૬** જેનું કુલ ક્ષેત્રફળ ૧૨૪.૮૬ ચો.મી. છે તે પ્લોટ વાળી જમીનને રેવન્યુ દફતરે સર્વે/બ્લોક નં.૯/૧/પૈકી ૧૦૬ જેનું ક્ષેત્રફળ ૧૨૫ ચો.મી. આપવામાં આવેલ છે **તે પ્લોટના માલિક સોનલબેન જયવદન જરીવાલા તથા જયવદન ધનસુખભાઇ જરીવાલા** પાસેથી સદરહુ પ્લોટ હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. ઉપર જણાવેલી પ્લોટમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વિગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર પ્લોટમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર પ્લોટ અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

ઓફીસ : ૫૧૧-સેન્ટ્રલ બિઝનસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.
મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

: જાહેર નોટીસ :

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકે ચોરાસી ના મોજેગામ લાજપોર ના **(૧) ખાતા નંબરઃ ૮૩૬ રેવન્યુ સર્વે નંબરઃ ૭૯/૧ જેનો બ્લોક નંબરઃ ૧૧૦** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે-આરે. ૦-૭૬ ૮૯ ચો.મી. યાને ૭૬૮૯ ચો.મી. આકાર **રૂા.૧૦.૦૦ પૈસા તથા (૨) ખાતા નંબરઃ ૮૫૫** રેવન્યુ સર્વે નંબરઃ ૮૩/૨ જેનો **બ્લોક નંબરઃ ૧૧૧** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે-આરે. ૦-૭૮-૯૧ ચો.મી. યાને ૭૮૯૧ ચો.મી. આકાર **રૂા.૯.૮૭ પૈસા** ઉપરોકત બંને **જુનીશરતની** ખેતીની જમીન **(૧) રજનીકાંતભાઇ ઇશ્વરભાઇ પટેલ (૨) સોનલબેન ભરતભાઇ પટેલ (૩) મયંક મુકુંદભાઇ જરીવાલા (૪) જયકૃષ્ણ મુકુંદભાઇ જરીવાલા (૫) આશિત મુકુંદભાઇ જરીવાલા** ના નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલી છે. તેઓએ સદરહુ મીલકત પોતાના કબજા, ભોગવટા, વહીવટ હેઠળની તમામ પ્રકારની બોજા તથા દાવાઓથી મુકત, માર્કેટેબલ અને કલીયર ટાઇટલ વાળી હોવાનુ જણાવી, મારા અસીલને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકત બાબતે કોઇ વ્યકિત, બેંક યા સંસ્થાના લાગભાગ, હકક, હિત, કબજો, સોદાચિઠ્ઠી, સાટાખત, દર-દાવા, લીયન, ચાર્જ, લેણા યા બોજા, ખોરાકી પોષાકીના હકક, ભરણ પોષણના હકક, ઇઝમેન્ટના હકક યા વેચાણ વિરૂધ્ધ વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને આધારભુત પુરાવા સહિત લેખીતમાં જાણ કરી, ખાત્રી કરાવવી જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મીલકતમાં કોઇના કોઇપણ પ્રકારના હકક, હિત સબંધ યા અધિકાર નથી અને હોય તો હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ સબંધી કાયદેસરના લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહી જેની જાહેર જનતાને નોંધ લેવી.

ઓ. : ૨૪૭, રોયલ આર્કેડ, પ્રાણી સંગ્રાલયની સામે,સરથાણા જકાતનાકા, સરથાણા, સુરત. મો. ૮૮૪૯૩ ૪૩૭૫૭.
અસીલની સુચનાથી : **રજત બી. સોનપાલ**
તે ખરીદનારના એડવોકેટ

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી વેચાણ અંગેની જાહેર નોટીસ થકી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં **મોજે ઓરમાના સર્વે/બ્લોક નંબર-૩૬૨** (વાદીલાના જુનો રેવન્યુ સર્વે નંબર-૬૬) જેનો ખાતા નંબર-૧૯૯ જેનું સુમારે ક્ષેત્રફળ ૧-૮૪-૧૩ હે.આરે.ચો.મી.જેનો આકાર રૂા.૧૭=૦૬ પૈસાવાળી બીનખેતીની જમીનમા રહેણાંકનાં હેતુ માટેની **શાંતિનગર**ના નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામા આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર-૯, તથા પ્લોટ નંબર-૧૦ તથા પ્લોટ નંબર-૧૧ તથા પ્લોટ નંબર-૧૨ તથા પ્લોટ નંબર-૧૩ તથા પ્લોટ નંબર-૧૪ તથા પ્લોટ નંબર-૧૫ તથા પ્લોટ નંબર-૧૬** આમ કુલ્લે ૮ (આઠ) પ્લોટો જેનું કુલ્લે સુમારે ક્ષેત્રફળ ૫૨૮.૪૦ ચોરસ મીટર ખુલ્લા પ્લોટોવાળી મીલકતો તથા મજકુર સોસાયટીના લાગુ રોડ રસ્તા તથા સી.ઓ.પી.ના ફાળે પડતા વણ-વહેંચાયેલ હિસ્સાની ૧૫૮.૫૨ ચો.મી.મળી કુલ્લે ૬૮૬.૯૨ ચો.મી. વાળી જમીન/મીલકતોના સંયુકત માલીકો/ કબજેદારો એવા **(૧) નરેન્દ્રકુમાર ગણપતભાઇ કોન્ટ્રાકટર તથા (૨) નલિનભાઇ જેઠાભાઇ વરીયાવા તથા (૩) નિલેશકુમાર ચંપકભાઇ પટેલ**ની સંયુકત માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટા,વહીવટ-વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાની યા કરી કરાવી આપવાની ખાત્રી અને ભરોસો અને વિશ્વાસ આપી અમારા અસીલ/અસીલોને વેચાણ આપવાનું નકકી કરેલ છે.જેથી સદરહુ મીલકતો ઉપર અન્ય કોઇ વ્યકિત, સંસ્થા, મંડળી, ભાગીદારો, વારસદારો, ખાનગી ભાગીદારો, બેંક વિગેરે હરકોઇના લાગભાગ, હકક હિસ્સા, દર-દાવા, જપ્તી-અવલજપ્તી, સોંદા-સાટાખત, લેણું બોજા, પાવર ઓફ એર્ટની જેવા લેખો યા કોઇ પણ પ્રકારના કોર્ટ-પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણિત પુરાવાઓ આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ મા અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ મીલકતો/જમીનમા કોઇના કોઇ પણ પ્રકારનો હકક-હિત, હિસ્સો, સંબધ, કબજો કે લાગભાગ, દર-દાવા કબજા-ભોગવટા યા ઇઝમેન્ટના હકકો વિગેરે રહેલ નથી. અને હોય તો તેવા તમામ હકકો જતા કર્યા છે. યાને વેવ થયેલ છે. એમ માની લઇ હમારા અસીલણો મજકુર મીલકતોના માલીક સાથે કાયદેસરનો વેચાણ અંગેનો વ્યવહારો પુર્ણ કરી જરૂરી વેપારી રીત-રસમ મુજબનાં કાયદેસરના લખાણો/વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇ પણ પ્રકારની તર-તકરાર, દર-દાવો, વાંધો-વિરોધ ચાલશે નહી. તેની આ જાહેર નોટીસથી જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા. ૨૬/૧૦/૨૦૨૬)

ઓફિસઃ ૩૦૬/એવલોન ધી બિઝનેસ હબ, સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત-૪. મો. ૯૯૭૯૯ ૧૨૯૯૬
યશવંતકુમાર એન. પટેલ
હર્ષકુમાર વાય.પટેલ
તે ખરીદનારનાં એડવોકેટશ્રીઓ

-:: ટાઈટલ અંગેની જાહેર નોટીસ ::-

આથી ડિસ્ટ્રીકટ : સુરત, તાલુકા : પલસાણાના મોજે ગામ : પલસાણા સત્તા પ્રકાર : જુની શરત (જુ.શ.) વાળી નીચે જણાવેલ વિગતો મુજબની જમીનોના કબજેદારો/ખેડૂતો : (૧) કિરીટકુમાર મગનલાલ, (૨) ધર્મેશકુમાર મગનલાલ, (૩) વીણાબેન ગિરીશકુમાર નાયક, (૪) મયુરકુમાર ગિરીશભાઈ, (૫) પૂર્વી ગિરીશકુમાર નાયક નાઓ છે.

અનુ નં.	સર્વે નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂ.પૈસા
૧	૨૪૮ (જુનો સર્વે નં. ૨૪૭)	૧૬૪	૧-૮૪-૧૩	૧૧.૪૪
૨	૨૩૩/બ (જુનો સર્વે નં. ૩૫૪પી,૨૫૫,૨૧૩)	૧૧૬૫	૦-૪૫-૦૦	૧.૦૦

ઉપરોકત બ્લોક નંબર તેમજ સર્વે નંબરવાળી જમીનોને જમીનોના મૂળ માલિક ટાઈટલ અંગેની કાર્યવાહી કરવા ઈચ્છતા હોય, જેથી આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જણાવીએ છીએ કે, ઉપરોકત નોટીસમાં વર્ણવેલ જમીનો સંબંધે અમોના અસીલ ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ મેળવવા તેમજ ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય જેથી સદર જમીન સંબંધે કોઈપણ વ્યકિત, સંસ્થા, સંગઠન, મંડળ કે મંડળના કોઈપણ પ્રકારના હકકો જેવા કે ઈઝમેન્ટ સંબંધેનો, સિવિલ રાઈટ્સ જેવા કોઈપણ પ્રકારનો સીધો કે આડકતરો હકક હિસ્સો જણાય આવતો હોય તો તેઓએ દિન- ૧૫ (પંદર)માં નીચે દર્શાવેલ ઓફિસના સરનામે લેખિતમાં પુરાવા સહિત વાંધા તકરાર રજૂ રાખવા અન્યથા અમાર અસીલ સદર જમીનો સંબંધેના ટાઈટલ અંગેની તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરશે-કરાવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૬/૧૦/૨૦૨૬

અનિલ સી. વિઠલાણી એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૧૧૦, રાજ પોઈન્ટ, પાલનપુર જકાતનાકા,મીની વિરપુર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. (મો.): ૯૮૨૫૦ ૭૧૩૬૦

જિલ્લા સુરત તા. ઓલપાડના મોજે ગામ જાફરાબાદમાં આવેલ બ્લોક નંબર ૨૯, ૩૬, ૯૯, ૧૨૪ અને ૧૧૦ વાળી ખેતીની જમીનો બાબતે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર પિયુષ એચ. કંથારીયા એડવોકેટ, પોતે જાતે અમારા અસીલ (૧) વિનોદભાઈ રમેશભાઈ સોલંકી (૨) દિલીપભાઈ રમેશભાઈ સોલંકી (૩) રાકેશભાઈ રમેશભાઈ સોલંકી તમામ રહે : માહયાવંશી મહોલ્લો, ખોલવડ, તા. કામરેજ, જી.સુરત (૪) ધનુબેન તે રમેશભાઈ સોલંકીની પુત્રી તથા નાનુભાઈ ઉમેડાની પત્ની રહે. માહયાવંશી મહોલ્લો, અલથાણ પોલીસ સ્ટેશન પાસે, ભટાર, સુરતનાઓની સુચના અને ફરમાઈશથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લા સુરત તા.ઓલપાડના મોજે ગામ જાફરાબાદમાં આવેલ બ્લોક નંબર ૨૯, ૩૬, ૯૯, ૧૨૪ અને ૧૧૦ વાળી ખેતીની જમીનો છોટુભાઈ ઝીણાભાઈના નામે ચાલી આવેલ જેઓનું અવસાન થવાથી સદર જમીનોમાં તેમના સીધી લીટીના વારસદારો પૈકી જયાબેન છોટુભાઈ એટલે કે અમારા અસીલોના માતૃ શ્રીનું અવસાન થવાથી મર્હૂમ છોટુભાઈ ઝીણાભાઈના સીધી લીટીના વારસદારો (૧) જમનાબેન છોટુભાઈની વિધવા (૨) ગોવિંદભાઈ છોટુભાઈ (૩) ચીમનભાઈ છોટુભાઈ (૪) કાંતિભાઈ છોટુભાઈ (૫) લક્ષ્મીબેન છોટુભાઈ (૬) માણેકબેન છોટુભાઈ (૭) ભાનુબેન છોટુભાઈ (૮) વિનોદભાઈ રમેશભાઈ (૯) દિલીપભાઈ રમેશભાઈ (૧૦) કિશોરભાઈ રમેશભાઈ (૧૧) રાકેશભાઈ રમેશભાઈ (૧૨) ધનુબેન રમેશભાઈ નામો માલિક તેમ જ કબજેદાર તરીકે સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ. ત્યાર બાદ અમારા અસીલોએ કયારેય તેઓની ઉપરોકત જણાવેલ જમીનોમાંથી પોતાનો હક્ક-હિસ્સો રીલીઝ કરેલ નથી કે પોતપોતાના હક્ક રીલીઝ કરવા માટે કોઈપણ પ્રકારની સહી-સંમતિ આપેલ નથી. મર્હૂમ જયાબેન છોટુભાઈના સીધી લીટીના વારસદારો તરીકે અમારા અસીલોનો ઉપરોકત જણાવેલ બ્લોક નંબરવાળી જમીનોમાં તેઓના હક્ક-હિસ્સો રહેલ છે અને પોષાય છે. હાલમાં અમારા અસીલોને માલૂમ પડેલ છે કે, ગોવિંદભાઈ છોટુભાઈ, વિગેરેનાઓ અમારા અસીલોની જાણ અને સંમતિ વિના સદર જમીનો વેચવાની પેરવી કરી રહયા છે. આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, આ નોટિસ તથા ચેતવણીમાં જણાવેલ તમામ જમીનો બાબતે કોઈપણ પ્રકારના લખાણો, કરારો કે નાણાંકીય વ્યવહારો કરવા કે કરાવવા નહી તેમ છતાં જો સદરહુ જમીનો બાબતે આ વ્યકિતઓ દ્વારા કોઈપણ પ્રકારના લખાણો કર્યા હશે કે કરશે કે કરાવશે તો નાછુટકે તે તમામઓની સામે દિવાની તેમ જ ફોજદારી રાહે જરૂરી કાનુની કાર્યવાહી તેઓના ખર્ચે અને જોખમે કરવામાં આવશે તે બાબતની ગંભીરપણે નોંધ લેવી.

અમારી સૂચના અને ફરમાઈશથી,
(સહીઓ)

સ્થળ : સુરત (તા.૨૬/૧૦/૨૦૨૬)
ઓફિસ : એ/૧૨૪, ઉમિયા કોમ્પલેક્ષ, કામરેજ ક્રોસ રોડ પાસે, તા.કામરેજ, જી.સુરત મો. ૯૭૨૬૯ ૩૮૯૮૮
પિયુષ એચ. કંથારીયા
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટ, શહેર સુરત ના અઠવાલાઈન્સ વિસ્તારમાં ઉમરા પોલીસ ચોકી પાસે આવેલ વોર્ડ અઠવા ના રેવન્યુ સર્વે નંબર ૫૪ પૈકી જેને ટી. પી. સ્કીમ નંબર ૫ (અઠવા-ઉમરા) લાગુ પડતા ફાનલ **પ્લોટ નંબર ૩૦૭** આપવામાં આવેલ કે જેનું **ફાનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૩૭૩.૫૬ ચો.મી.** યાને ૪૪૬.૦૦ ચો.વાર જેનો સીટી સર્વે રેકડસ મુજબ **સીટી સરવે ઓફીસ સુરત-૨, વોર્ડ અઠવા, શીટ નં. ૪૫, જુનો સીટી સર્વે નં. ૩૩૨/૧૧ અને હાલ નવો સીટી સર્વે નં. ૧૯૭૮** કે જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૩૮૧.૬૭ ચો.મી. વાળી ખુલ્લી જમીન તે જમીન તથા તેના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિત વાળી જમીન દરોબસ્ત વાળી મિલકત તેના માલીક **(૧) સોની ભરતભાઈ જયંતિલાલ (૨) મનીષભાઈ ભરતભાઈ સોની તથા (૩) યશ મનીષભાઈ સોની**ની સંયુકત માલીકી, કબજા ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યુ છે. તેથી સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭(સાત)** માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકા લખાણો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફિસ : એસ-૭ થી એસ-૧૦ મેઘધનુષ એપાર્ટમેન્ટ, અડાજણ પાટીયા, સુરત Mo. 79841 99799, Mo. 9824704481
SNR ASSOCIATES TRUSTED ADVISOR | SINCE 2005
ખરીદનારના એડવોકેટ્સ
શૈલેષ એન. રાજપુત (એડવોકેટ એન્ડ નોટરી)
શર્મિલ જે. માલી (એડવોકેટ)

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે જી. સુરત, તા. અડાજણના **ગામ મોજેઃ પાલણપોરના બ્લોક નં. ૨૦૨** વાળી જમીન, જેને **ટી.પી. સ્કીમ નં. ૯૩, ફાયનલ પ્લોટ નં.૫૬** જેનું કુલ ક્ષેત્રફળ ૧૪૭૫૪ ચો.મી. છે તે પૈકી **પશ્ચિમ દિશા** તરફની ફાયનલ પ્લોટ મુજબ **૭૬૧૦.૧૯ ચો.વાર.** વાળી જમીન માલિક **(૧) ભગુભાઈ રામુભાઈ, (૨) નરોતમભાઈ રામુભાઈ, (૩) સોમાભાઈ રામુભાઈ, (૪) નગીનભાઈ રામુભાઈ (૫) ચીમનભાઈ રામુભાઈ, (૬) બળવંતભાઈ રામુભાઈ, (૭) ભાનુબેન રામુભાઈ, (૮) કુસુમબેન રામુભાઈ, (૯) લલીતાબેન રવજીભાઈ (૧૦) વર્ષાબેન રવજીભાઈ, (૧૧) મીનાબેન રવજીભાઈ, (૧૨) મનિષાબેન રવજીભાઈ, (૧૩) રીટાબેન મહેશભાઈ પટેલ, (૧૪) મોન્ટુકુમાર મહેશભાઈ પટેલ, (૧૫) સુચિત મહેશકુમાર પટેલ, (૧૬) પ્રેમીલાબેન નરેશભાઈની વિધવા, (૧૭) વિજયકુમાર નરેશભાઈ પટેલ, (૧૮) રોહિતકુમાર નરેશભાઈ પટેલ, (૧૯) ભાવેશકુમાર નરેશભાઈ પટેલ, (૨૦) કંચનબેન ઇશ્વરભાઈ પટેલ, (૨૧) દેવેન્દ્રકુમાર ઇશ્વરભાઇ પટેલ, (૨૨) જીગરકુમાર ઇશ્વરભાઇ પટેલ** પાસેથી સદરહુ જમીન હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વિગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૧૦ (દસ) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર જમીન અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

ઓફીસ : ૫૧૧-સેન્ટ્રલ બિઝનસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.
મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ